# આબોદાના

અહીંની દુનિયા જુદી છે. અહીં સ્ત્રીનું ધડ એટલું આસાનીથી મળતું નથી. માત્ર ચહેરાઓ જોઈ અથડાઈ જાય છે. સ્ત્રીના શરીરમાં સૌથી નગ્ન ભાગ એની આંખો હોય છે. આ શહેરમાં અહીંના કૂતરા જેવા આઝાદ-મિજાજ કૂતરા બહુ ઓછા જોયા છે. અહીં સામસામા આયનાઓ ગોઠવીને માણસ પોતાના બદનની સજાવટ કરે છે. પૈસા કમાય છે પછી એના શરીરનાં હરમોન્સ પણ બદલાઈ જાય છે. બળતા મકાનમાં બેસીને મલ્હાર ગાવાનો અહીં રિવાજ કે ના-સમઝી નથી. તૂટેલાં રમકડાંની સાથે જે લગાવથી બાળક રમે છે એ જ લગાવથી અહીં માણસને ફૂલેલાં વિશેષણો સાથે છે.

જીભ પર ગોળ પાયેલી તમાકુનો સ્વાદ ચોંટી જાય છે, કેન્સર થતાં પણ સારો ટાઈમ લાગે છે. રાતના અંધકારની બહારથી કોઈ કેસેટના વાગવાનો અસ્પષ્ટ અવાજ આવી રહ્યો છે, લયમાં, અને લાગે છે એ આનંદ નથી, અનિદ્રામાં રાહત રહે એ માટે સંગીત ખોલવામાં આવ્યું છે. પંખો અને ઘડિયાળ અને બહાર બોલતા ઉંદરનો અવાજ અને ઉપરવાળાના બગડી ગયેલા એર-કન્ડિશનરનો કર્કશ ઘરઘરાટ-રાતની ખાલી ખાલી શાંતિનો અહસાસ કરવા માટે કાફી છે. અંધારું છે એટલે પણ શાંતિ લાગે છે. રસ્તાની મર્ક્યૂરી લાઈટનો પ્રકાશ વધતી રાતની સાથે વધતો જાય છે.

કાલે ફરીથી રોટી અને પાણીની દિશા, પ્રાર્થનામાં ઝૂકેલાં ચહેરાનાં પોઝ સાથે. અહીં નામના માટે ઝૂકી ઝૂકી પડતા બહુ પૈસાદાર ભિખારીઓ વસે છે. વ્યંજના જીવનનો શોખ છે, અને શોખીનોની કમી નથી - આત્મવ્યંજનોના શોખીનો.

પાણીની પણ એક ખુશબૂ હોય છે, હવા અને ધરતીની જેમ. અંજળ ખેંચી લાવે છે માણસોને આખા મુલ્કમાંથી આ કૉંક્રીટ દેશમાં. માણસો ખંડિત, ધ્વસ્ત, લાંછિત પણ દોડતા રહે છે, તૂટતા રહે છે, હોલવાતા રહે છે, આબોદાનોનો નાતો ટૂંકો હોય છે. સમય પ્રવાહી નથી, સમયની અહીં ઘૂમરીઓ ચકરાયા કરે છે.




કોલાબો પાસે ઈરાની રેસ્ટોરાં ગલીમાં સરફૂનો અડ્ડો છે જેમાં ગુલામની મા ગાંજો-ચરસ વેચતી રહે છે. આઠ આનાની ગોળી. મોટી ગોળી બે રૂપિઆની. પણ એ ખલાસ થઈ ગઈ છે. આગળ શીપિંગ કંપની છે, કિનારા પર મદ્રાસી હોટેલ છે જેમાંથી બળેલી કૉફીની તામસિક, કાળી-બદામી વાસ આવ્યા કરે છે. ગુલામની મા જૂના પતરાના ડબ્બામાંથી ગાંજાનાં બે પડીકા કાઢે છે આઠ આઠ આનાનાં. ચરસની ગોળી આજકાલ દોઢ રૂપિયાની મળે છે. પહેલાં આઠ આનાની મળતી હતી. બીડીમાં ભરવા કરતાં ફિલ્ટર સિગારેટમાં ભરીને પીવાથી વધારે મજા આવે છે. અસર કરે છે નર્વઝ ઉપર. ચરસમાં ભૂખ અને પ્યાસ બંનેનો સંતોષ છે. માત્ર ગળામાં જરા ખારાશનો અહસાસ રહી જાય છે. અને નાકના શ્વાસમાં વાસ રહી જાય છે વૃદ્ધત્વની વાસનાની જેમ. નિરાશા જરા રંગીન બની જાય છે, એટલું જ.

કુર્લાના સ્ટેશનની પાસે રેલવે પુલની નીચેથી જ પોલીસને એક નાની ઉંમરની લાશના ટુકડા મળ્યા હતા. લાશના શરીરના ટુકડાઓ પરથી અનુમાન થયું હતું કે એ નાની છોકરી જ હતી – છ-સાત વર્ષની. માથું ન હતું. પછી ખબર પડી, એક માતાએ એની પુત્રીની હત્યા કરી નાંખી હતી. એણે એકરાર પણ કરી લીધો. પુત્રીનું માથું ન જ મળ્યું. કદાચ કૂતરાઓ ખેંચી ગયા હશે. એ છોકરી બહેરી અને બોબડી હતી. માતાએ કહ્યું અપંગ કે વિકલાંગને મૌતની વેદના ઓછી થતી હશે, કાળા ક્રેયોનથી ચીતરી શકાય એવી.

સાયનની પાસે હૉસ્પિટલ હતી, નાની. એમાં એક ખૂબસૂરત પેરીપ્લેજિક યુવતીને લાવવામાં આવી. જનરલ વૉર્ડમાં એનો ખાટલો દીવાલ પાસે હતો અને પાસે કચરો નાંખવાનો ડબ્બો હતો. છોકરીને કમરની નીચેના દર્દનો કોઈ અહસાસ થતો ન હતો. ફીલિંગ મરી ગઈ હતી. પણ એ રાત્રે ક્યારેક સૂઈ શકતી ન હતી. એક રાત્રે એને ઊંઘની દવા આપવામાં આવી. અને છોકરી રાતભર સૂતી જ રહી. સવારે ડૉક્ટરોએ જોયું કે એની પિંડી અને બંને સાથળો ઉંદર કરડી ગયા હતા. કમર નીચે એ મરી ચૂકેલી હતી અને એના પગ મરી ચૂકેલા હતા. પણ સવારે જ્યારે એણે એના ખવાઈ ગયેલા પગ જોયા ત્યારે એ રડી પડેલી. વ્યક્તિ પોતાની મૃત વસ્તુને પણ નુકસાન થતું જોઈ શકતી નથી. શહેરના ઉંદરો જીવતા અને મરેલા માંસમાં જ સમજે છે. જીવતા માંસના સ્વાદમાં એક મીઠી ખારાશ હોય છે.

પ્રાણીબાગના સિંહને ત્રેવીસ વર્ષ થઈ ગયા હતાં. ત્રેવીસ વર્ષે સિંહ બુઢ્ઢો થઈ જાય છે. શહેરમાં માણસ થોડાં વર્ષોમાં લાબું જીવે છે. સિંહનો ચહેરો દયાજનક થઈ ગયો હતો, મોહતાજ, અને બૂઢા ઘોડાના થાપાનું બરડ હાડકું પાણીમાં વારંવાર ભીંજાવીને એ મુલાયમ કરવાનો અસફળ પ્રયત્ન આખી સાંજ કરતો રહ્યો હતો. ચોંટેલું માંસ સખ્ત હતું અને સિંહના દાંત હાલી ગયા હતા. ભૂખની તૃપ્તિ માત્ર ચાટવામાંથી કરી લેવાની હતી. સિંહની ઊંઘ ઓછી થઈ ગઈ હતી. આંખોમાંથી ચમક ઓછી થયાને તો ઘણા મહિના ગુજરી ગયા હતા. કેશવાળીના વાળ ઝડી ગયા હતા, ગુંચળાઈ ગયા હતા. અને એ ઘસડાઈને ખૂણામાં

બેસી જતો હતો. આંખોમાંથી આંસુના રેલા આંગળીને સુકાઈ ગયા હતા... જાનવરને પણ એક અંજળ હોય છે આ શહેરમાં–

સમુદ્ર જ્યાં શહેરની અંદર આવી ગયો છે ત્યાં શહેર અર્ધચંદ્રકાર ખેંચાઈ ગયું છે અને ત્યાંથી જ સૂર્યને ડૂબતો જોઈ શકાય છે. લાલઘૂમ સૂર્ય સમુદ્રની ક્ષિતિજધાર પર ડૂબતો જતો હતો અને બસ સ્ટેડિયમ અને રેસ કોર્સની પાસેથી ઘૂમી જતી હતી. ફૂટપાથ પર એક ગરીબ કલાકાર સૂર્યાસ્તનાં ચિત્રો ગોઠવીને ગ્રાહકો માટે ઊભો હતો, સસ્તી સિગારેટ પી રહ્યો હતો. પાછળ રેસ કોર્સના મેદાનની બહારની રેઈલિંગ પાસે થાકીને હાંફતા ઘોડાઓ ઊભા હતા. કૉલેજની બારીઓ બંધ હતી, સાંજે કૉલેજ શાંત થઈ જતી હતી. બસની બારીમાંથી સૂર્ય અડધો થઈ ગયો, પછી અર્ધગોળાકાર ડૂબતો ગયો, દરિયાની અંદરની મસ્જિદની પાછળ સંતાઈ ગયો, બસની સાથે સાથે ફરીથી બહાર નીકળ્યો. થોડી ટોચ દેખાતી હતી. બસ મકાનો પાસે આવી ત્યારે સૂર્યની લાલ લકીર ડૂબી, માત્ર લાલાશના આસાર આંખોની સામે જરા ઝિલમિલાતા રહ્યા. અને બસની બંને તરફ ઊંચા મકાનોની કતારો આમને સામને થઈ ગઈ. મર્ક્યૂરી લાઈટો તરત હજી સળગી હતી. ગરમીમાં આવી રહી હતી. સાંજનો ઘેરાયેલો પ્રકાશ હજી હવામાં ઝૂલતો હતો અને લાઈટોનો રંગ મેગ્નેશિયમ જેવો ચકાચૌંધ સફેદ થવા પહેલાંનો લીલો હતો. લીલો લીલો, નિષ્ફળતાના રંગ જેવો, ઉદાસીની ફીલિંગ જેવો, આવી રહેલી એકલતા જેવો.

શહેરમાં ઘુવડ બોલતું નથી, માત્ર ડાબી આંખ ફરક્યા કરે છે.

વાહનો પસાર થાય છે ત્યારે પુલના સાંધાઓ ખખડી ઊઠે છે.

ઓક્સી-એસીટીલીન ફ્લેમથી ગર્ડરો ઓગાળતો એક માણસ સાંજના ઘેરાતા અંધકારમાં કાળાં ચશ્માં પહેરીને લોખંડથી લોખંડને જોડી રહ્યો છે. સર્જનની આગને ધુમાડો હોતો નથી. માત્ર ઊડતા તણખા દેખાયા કરે છે.

રાતની બદલાઈ ગયેલી હવામાં ઘૂટન વધે છે.

શહેરની હજારો આંખો સમુદ્રને કિનારે કિનારે જાગી ગઈ છે, સફેદ સફેદ, દોસ્તીમાં છલોછલ, બોઝિલ આસમાનના ભારથી ઝૂકી ગયેલી. શહેરમાં માણસની આંખ પણ ક્યારેક સાંજના ભાર નીચે ઝૂકી જાય છે. પણ રાતનો ભાર વધારે માદક હોય છે, રાતનું લચીલાપન વધતું જાય છે, સડકો પર યારીની હવા છે. રાત્રે શહેર ફાટી પડે છે, આવતીકાલ ઘણી દૂર છે એના ભયમાં કદાચ. અવાજોમાં કંપન ઊતરી આવી છે, આકાશ સમુદ્રને ગળીને પથ્થરની પાળ પાસે આવી ગયું છે. રાત્રે પૃથ્વી સંકોચાઈ જાય છે અને શહેર ખેંચાઈને સિમટી જાય છે.

રાત માણસને એકલો બનાવી દે છે. હવાની ઝુલતી ધૂળ બેસી ગઈ છે અને રાત લગભગ સ્પર્શી જાય એટલી વજનદાર અને કરીબી બની ગઈ છે. રાતની એક વાસ હોય છે, તાજી રાખ અને ચીમળાયેલાં ફૂલ અને બાળકના પસીનાની, મિશ્રિત, શ્વાસ જેવી ગરમ. ઘણાં વર્ષો થઈ ગયાં, રાતના આકાશમાંથી તારાને ખરતો જોયાને. નાનપણમાં સરોવરને કિનારે મોડી રાતે તારો તૂટતો હતો, પાણીની ક્ષિતિજ સુધી. શહેરની રાત એલાર્મ-ટાઈમપીસના ડાયલના રેડિયમ અક્ષરોની આસપાસ ઘૂમરાતી રહે છે, સવાર ફાટે ત્યાં સુધી બે લેટેલાં શરીરોની વચ્ચે ક્ષણો ફરકે છે, ફસાયલા જાનવરની આંખોની જેમ....

સવારે ભૂખ લાગે છે. સમુદ્રની સામે સૂર્યોદય થાય છે અને પાણી પર સોનું ઢોળાય છે અને ટેરેસ-ગાર્ડનનાં કૂંડાઓમાં ઊભેલા કેક્ટસો પરથી ઓસ ટપકે છે અને રેશમી લાંબા સફેદ વાળવાળા ગુદાઝ પપીને લિફ્ટમાં નીચે લઈ જવા માટે ટૂંકા વાળવાળી લલનાઓ આળસ મરડીને બહાર નીકળે છે.

પણ સવારે ભૂખ લાગે છે.

કામ થાય છે. ત્યાં એક નવો રસ્તો બની જાય છે, ઍરપોર્ટની દિશામાં, ટ્રેઈનની આરપાર, ઝૂંપડાઓના પતરાંના દરવાજા પર લાલ અક્ષરે નંબરો લખેલા છે. લંગડો છોકરો પથ્થરો પર કૂદતો, ખાંબોચિયાં બચાવતો જઈ રહ્યો છે. જિંદગીમાં પાછળ રહી ગયેલાની ચાલવા અને દોડવા વચ્ચેની ગતિ. થોડીવારમાં મહેનતકશ માણસની નસો ધબકવા લાગવા માંડશે. સ્ત્રીઓ મરચાં કૂટવા માંડશે. અજવાળું થશે એટલે સુઅરો રસ્તો ઓળંગીને કચરાના ઢેર પાસે ચાલ્યાં જશે. લાઈનસર બાંધેલાં કાચાં પાયખાનાંઓની આસપાસ કતારો લાગી જશે. અંદરથી ખાટલાઓ લાવીને બહાર ઢાળવામાં આવશે, પોણી જિંદગી ખાટલાઓ પર ગુજરે છે. સવારની ખાંસી રાતની ખાંસી કરતાં જુદી હોય છે. બીડી અને બ્રેડ... અને તબેલાની બહાર છાણ લેવા માટે ઝઘડતાં બાળકો, જેમાં છોકરીઓ વધારે હોય છે. પાનની દુકાન પર આંખફરકના સૌદા. ખુલ્લી પડેલી સાઈકલો પર કોઈ તાળું લગાવતું નથી. કારણ કે આ ખખડી ગયેલી સાઈકલો ચોરવી મોંઘી પડે છે. રાત્રે કોઈનાં કપડાં બહાર સુકાતાં નથી.

શણના જર્જર પડદાની પાછળથી કરારી થતી રોટીની વાસથી હવા બોઝિલ થઈ જાય છે. દસ હજાર ઘરોની હવાઓ બોઝિલ થઈ જાય છે.

સવારે, રોટીની વાસની સાથે સાથે દોડવા લાગે છે.

આ શહેરની પૃથ્વી પર માણસ એમ જ ફરે છે, જીવે છે, હસે છે, રડે છે, ગુજર છે. જેવો ૫૦૦૦ વર્ષ પહેલાં નદી-કિનારાની સંસ્કૃતિમાં ફરતો હતો.. ગુજરતો હતો. દિવસે સંસ્કૃત, રાત્રે આદિમ. માણસની ભીડમાં એકલતા ઝંખે છે અને એકલતા આવી જાય છે ત્યારે ડરી જાય છે. ચામડી થરથરાવાનું એ ભૂલી ગયો છે પણ એની આંખ હજી ફરકી જાય છે, પાંચ હજાર વર્ષો પહેલાં ફરકતી હતી એમ જ. એના શહેરી અવાજનું તાપમાન ઓછું થઈ ગયું છે. ઈશ્વરની દુનિયાની સમાંતર એણે માણસની એક દુનિયા ખડી કરી દીધી છે.

અહીં મિટ્ટી નથી, ધૂળ પણ નથી. ધરતીને સિમેન્ટ-એસ્ફોલ્ટથી અને આકાશને ધુમાડાથી ઢાંકી દીધું છે. ઈંટ-કૉન્ક્રીટની દીવાલોની બહાર ઋતુઓ આવીને પસાર થઈ જાય છે– વર્ષોથી વર્ષો સુધી ફરતું વર્ષચક્ર. આંખોની કીકીના વર્તુળ કિનારાને મોતીઓનું દૂધિયાપણું ઘેરી રહ્યું છે.

અહીં ભુલભુલામણીમાં ખોવાયેલો રહેતો માણસ રમત જીતી જતો હોય છે, બહાર નીકળી જનાર માણસ આ રમતના કાનૂનથી બેખબર છે.

અને ફરીથી આબોદાના.

*'આરપાર વાચનઘર' અંતર્ગત પસંદગી પામેલા પુસ્તક,*
*'બક્ષીની વાર્તાઓ' માંથી સાભાર*